સંક્ષિપ્ત સમાચાર

GNFCની 50મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

ભરૂચ: ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GNFC)ની 50મી AGM વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા યોજાઈ હતી. ચેરમેન એમ.કે.દાસે જણાવ્યું કે, કંપનીએ FY 2025-26માં 7,773 કરોડની આવક, 1,065 કરોડનો PBT અને 797 કરોડનો PAT (EPS 54.27) નોંધાવ્યો છે. ભવિષ્યના વિકાસ માટે ટોપ્સો ટેક્નોલોજી દ્વારા એમોનિયા ક્ષમતામાં 50,000 MT/વર્ષનો વધારો, દહેજ ખાતે 18 MW પાવર પ્લાન્ટનું ટેસ્ટિંગ અને જૂન-2027 સુધીમાં નવો WNA-III પ્લાન્ટ સ્થાપવાની યોજના છે. આ ઉપરાંત ગોલ્ડન જ્યુબિલી નિમિત્તે 50 ગામ દત્તક લેવાશે. અંતમાં એમડી સંજીવ કુમારે તમામ હિતધારકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

બી.એ.બી.એસ. હાઈસ્કૂલમાં સેમિનાર યોજાયો

બારડોલી: ભારત સરકારના વિજ્ઞાન પ્રસાર અને ગુજકોસ્ટ, ગાંધીનગરના ઉપક્રમે સુરત જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા બારડોલી ઔદિચ્ય બ્રાહ્મણ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં ૪૦ શાળાના ૮૦ વિદ્યાર્થીએ 'ઇન્ડિયન એનર્જી બાસ્કેટ ૨૦૪૭' વિષય પર પી.પી.ટી. દ્વારા રજૂઆત કરી હતી. સ્પર્ધામાં BABS હાઈસ્કૂલની વિદ્યાર્થિની જીવિકા પાટીલે પ્રથમ અને C.C. શાહ હાઈસ્કૂલના જૂનજર દરજીએ દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. જીવિકાને શિક્ષક જયદીપ આહિર અને જયદીપસિંહ મહીડાનું માર્ગદર્શન મળ્યું હતું. બંને વિજેતાઓ હવે ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં સુરત જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આચાર્ય ચેતનાબેન અધેરા તથા શાળા મેનેજમેન્ટે વિજેતાઓને અભિનંદન પાઠવ્યાં હતાં. કાર્યક્રમમાં જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર, સુરતના ડાયરેક્ટર ભાવિક શાહ, તાપી જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્રના ડાયરેક્ટર કેતનભાઈ શાહ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માંડલ હાઇવે પરથી ૧૭ ભેંસ ભરેલો ટેમ્પો ઝડપાયો

સોનગઢ: સોનગઢ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં વ્યારા-સોનગઢ હાઇવે રોડ પર માંડલ ટોલનાકાથી આગળ ચોરવાડ પાટિયા પાસેથી પોલીસે પશુઓની હેરાફેરી કરતો આઇસર ટેમ્પો પોલીસે ઝડપી પાડ્યો હતો. તા.૧૬/૬/૨૦૨૬ના રોજ સવારે ટેમ્પો નં.(જીજે-૧૫-એવી-૬૪૯૯)માં ૧૭ ભેંસ (કિ.રૂ.૪,૫૦,૦૦૦)ને ક્રૂરતાપૂર્વક બાંધીને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં હેરાફેરી કરવામાં આવી રહી હતી. આ કેસમાં ડ્રાઇવર અઝરૂદ્દીન શાહબુદ્દીન મેઉ (રહે.,ખારેડા, તા.માલાખેડા, જિ.અલવર, રાજસ્થાન) તેમજ ભાગી જનાર તોસીફખાન અહેમદખાન (રહે.,ધાસેડ, જિ.નુહુ, હરિયાણા) અને અમરમાનખાન વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. પશુઓ આણંદના પ્રભાતભાઈ સોમાભાઈ સલાટ પાસેથી ભર્યા હોવાનું અને ઘુલિયા માર્કેટમાં વેચાણ માટે લઈ જવાતા હોવાનું ખૂલ્યું છે. પોલીસે આઇસર ટેમ્પો, ભેંસો તેમજ મોબાઇલ ફોન સહિતનો મુદ્દામાલ કબજે કરી વોન્ટેડ ટેમ્પો માલિક ઇકબાલખાન સહિતના અન્ય આરોપીઓને પકડવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

ધી ઓલપાડ ગ્રુપ કો.ઓ. કોટન મંડળીની નવનિર્મિત ઓફિસનું લોકાર્પણ

સાયણ: દેશની આઝાદી પૂર્વે (૧૯૩૪) સ્થાપિત 'ધી ઓલપાડ ગ્રુપ કો.ઓ.કોટન સેલ સોસાયટી'ના ૯૧મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે રૂ.૧૫ લાખના ખર્ચે તૈયાર થયેલી નવી ઓફિસનું લોકાર્પણ કરાયું હતું. ઓલપાડના ધારાસભ્ય મુકેશભાઈ પટેલે મહિલા ડિરેક્ટરો દિવ્યાબેન અને ભાવનાબેન સાથે આ ઉદઘાટન કર્યું હતું. મંડળીના પ્રમુખ મનહરભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ પ્રસંગે આ આયોજન વિશે જણાવ્યું હતું. ઉપસ્થિત સભાસદોને માટીના દીવડા ભેટ અપાયા હતા. આ પ્રસંગે એપીએમસી (સરદાર શાકભાજી માર્કેટ-સુરત)ના ચેરમેન અંકુર પટેલ, તળાદ કોટનના પ્રમુખ અરવિંદ પટેલ, સોંદલાખારા દૂધમંડળીના પ્રમુખ વસંતભાઈ પટેલ, તુવેર ભોયસિંગ મંડળીના પ્રમુખ મનહરભાઈ પટેલ, સાયણ સુગરના ડિરેક્ટર યોગેશ પટેલ સહિત અન્ય સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કુકરમુંડામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

કુકરમુંડા: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે દેશભરમાં 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે કુકરમુંડા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે રાજ્યમંત્રી ડો.જયરામ ગામીત તથા તાપી જિલ્લા ભાજપ સંગઠનના પ્રમુખ સૂરજ વસાવાની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

સોનગઢમાં નવી સરકારી હોસ્પિટલનું ખાતમુહૂર્ત

સોનગઢ: સોનગઢમાં અંદાજે રૂ.૫૫ કરોડના મસમોટા ખર્ચે બનનાર નવી સરકારી હોસ્પિટલનું ખાતમુહૂર્ત રાજ્ય કક્ષાના મંત્રી ડો.જયરામભાઈ ગામીતના હસ્તે કરવામાં આવ્યું હતું. આ મહત્ત્વપૂર્ણ પ્રસંગે તાપી જિલ્લા ભાજપ પ્રમુખ સૂરજ વસાવા તેમજ જિલ્લા આરોગ્ય વિભાગ, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના હોદ્દેદારો તથા તાપી જિલ્લા ભાજપ સંગઠનના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ૧૦૦ બેડની આ સગવડવાળી હોસ્પિટલમાં સરકારી બ્લડ બેંક જેવી અત્યાધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ થશે.

મહુવેજમાં ટાયર ફાટતાં ટેમ્પો પલટી ગયો, એક મજૂરનું મોત, પાંચને ઈજા

ઘાયલ મજૂરોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા

હથોડા: કોસંબા નજીકના મહુવેજ ગામની હદમાં નેશનલ હાઈવે પર ગુરુવારે સવારે કામરેજ તરફથી અંકલેશ્વર તરફ જઈ રહેલા આઇસર ટેમ્પોનું અચાનક ટાયર ફાટી જતાં ટેમ્પો પલટી મારી ગયો હતો. આ દુર્ઘટનામાં ટેમ્પોમાં સવાર મજૂરો પૈકી એક યુવકનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય પાંચ લોકોને સામાન્ય ઈજા પહોંચી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ આઇસર ટેમ્પો નં.(GJ 05 BX 9081) સવારે આશરે 10 વાગ્યાના સુમારે મહુવેજ ગામ પાસેથી પસાર થઈ રહ્યો હતો. એ સમયે અચાનક ચાલુ વાહને વ્હીલ (ટાયર) ફાટતાં ટેમ્પોના ચાલક ભીમસંગભાઈ સુરેશભાઈ ગામીતે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો, જેના કારણે ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં ટેમ્પોમાં મુસાફરી કરી રહેલા જયદીપભાઈ કરસનભાઈ ચૌધરી (ઉં.વ.32) (રહે.,લાડકૂવા નવું ફળિયું, તા.માંડવી)ને શરીરે ગંભીર ઈજા પહોંચતાં તેનું ઘટના સ્થળે જ મોત થયું હતું. અકસ્માતને પગલે ટેમ્પોમાં સવાર અન્ય પાંચ જેટલા મજૂરને પણ નાની-મોટી ઈજા થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ થતાં જ હાઇવે પર પેટ્રોલિંગ કરી રહેલી જિલ્લા ટ્રાફિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. ત્યારબાદ કોસંબા પોલીસને ઘટના અંગે જાણ કરાતાં, પોલીસે મૃતકની લાશનો કબજો મેળવી પોસ્મોર્ટમ અર્થે મોકલી આપી હતી અને ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જંબુસરના વેડચમાં દબાણ બચાવવા પરિવાર JCBની સામે બેસી ગયો!

AAPના પૂર્વ આગેવાનની અટકાયત, મહિલાની તબિયત બગડતાં હોસ્પિટલ ખસેડાઈ

ભરૂચ: જંબુસરના વેડચની નવી નગરીમાં ગ્રામ પંચાયતે ગેરકાયદે દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન દબાણ હટાવવા ગયેલી ટીમનો પરિવારજનોએ વિરોધ કર્યો હતો.

સરવે નં.૨૬૫ અને ૨૬૬-અની જમીન પર રસિકભાઈ ભીમસંગભાઈ જાદવે બિનઅધિકૃત બાંધકામ કર્યું હતું. આ અંગે તેમને અગાઉ નોટિસો ફટકારવામાં આવી હતી. આથી પંચાયતની ટીમ દબાણ હટાવવા જતાં ભારે તણાવ સર્જાયો હતો. આમ આદમી પાર્ટીના પૂર્વ આગેવાન અને દબાણદાર રસિકભાઈ જાદવ તથા તેમની દીકરીએ JCBના પાવડા પર ચડી જઈ કામગીરી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે તેમની માતા JCB સામે બેસી જઈ કામગીરીનો ભારે વિરોધ કર્યો હતો. વિરોધ દરમિયાન રસિકભાઈ જાદવની માતાની તબિયત બગડી જ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવને પગલે પોલીસે રસિકભાઈ જાદવની અટકાયત કરી હતી. આ બાંધકામ ભાજપના એક આગેવાનના ખેતરમાં જવાના રસ્તામાં નડતરરૂપ હોવાને કારણે દૂર કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ દબાણદાર પક્ષે કર્યો હતો.

નાલોઠા ગામમાં ભારે વાહનોની અવરજવરને કારણે માર્ગ બિસમાર

વાલોડ: વાલોડના નાલોઠા ગામમાં સરકારી સ્કૂલ તો બનાવવામાં આવી રહી છે, પરંતુ ભારે વાહનોની અવરજવરને કારણે માર્ગ બિસમાર બન્યો છે. જેને કારણે ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. જે અંગે કોન્ટ્રાક્ટરને પણ જાણ કરવામાં આવી છતાં કોઈ કાર્યવાહી ન કરવામાં આવતાં ગ્રામજનોએ વાલોડ મામલતદારને આવેદન આપી યોગ્ય કાર્યવાહીની માંગ કરી છે.

જો આવનારા ટૂંક સમયમાં જો આ માર્ગની મરામત કરવામાં નહીં આવશે તો સ્થાનિકોએ કોન્ટ્રાક્ટરનાં વાહનો અટકાવવાની ચીમકી ઉચ્ચારી છે.

સંક્ષિપ્ત સમાચાર

પલસાણા તાલુકામાં ઠેર ઠેર 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમની ઉજવણી કરાઇ

પલસાણા: પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનમાં ૨૫ વર્ષની નિ:સ્વાર્થ સેવા અને સમર્પણની ઉજવણીના ભાગરૂપે 'સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬' અંતર્ગત સુરત જિલ્લામાં વિવિધ સ્થળોએ 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત કડોદરાના હનુમાનજી મંદિર તેમજ પલસાણા, ચલથાણ અને તાતીથૈયા ખાતે સ્થાનિક સ્તરે પણ 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે રક્તદાન શિબિરનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ, ચલથાણ દ્વારા આયોજિત મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ભારતીય જનતા પાર્ટી, કડોદરા-ચલથાણ નગરના કાર્યકર્તાઓએ ઉત્સાહપૂર્વક સહભાગી થઈને રક્તદાન કર્યું હતું. આ બંને સેવાકીય કાર્યક્રમોમાં સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ રાઠોડ, મહામંત્રી અંકુરભાઈ દેસાઈ, કડોદરા નગરપાલિકા પ્રમુખ રામભાઈ ચોસલા, કડોદરા નગર પ્રમુખ કિરણભાઈ પરમાર, મહામંત્રી હિતેશભાઈ દેસાઈ, કૃપાશંકર શુક્લા અને મોહનભાઈ પટેલ સહિતના પદાધિકારીઓ તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. પલસાણા તળાવ ખાતે રોશની કરવામાં આવી હતી અને ફરતે દીવડા પ્રગટાવી સાફસફાઈ કરવામાં આવી હતી. આ પ્રસંગે સુરત જિલ્લા ભાજપના ઉપપ્રમુખ મોહનભાઇ આહીર, જિલ્લા પંચાયતના સદસ્ય તેજસ દેસાઈ, મહામંત્રી કુણાલસિંહ, તાલુકા વિકાસ અધિકારી તેમજ શિક્ષણ અધિકારી વિરલ ચૌધરી, ગામના સરપંચ પ્રવીણભાઇ આહીર, ઉપ સરપંચ પરેશભાઇ મૈસુરિયા, તલાટી કમ મંત્રી પિનાક મોદી હાજર રહ્યા હતા.

માંડવીમાં રામેશ્વર મંદિરે અને નગર પાલિકામાં ૩,૦૦૦ દીવડા પ્રગટાવાયા

માંડવી: માંડવી સ્થિત પૌરાણિક રામેશ્વર મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસ અંતર્ગત જિલ્લા કક્ષાના વિશેષ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરાયું હતું. આ પ્રસંગે સ્થાનિક સાંસદ, ધારાસભ્ય, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના અધ્યક્ષ તેમજ તાલુકા પંચાયતના વિવિધ હોદ્દેદારો અને પદાધિકારીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મહાનુભાવોની હાજરીમાં રામેશ્વર મંદિર પરિસરમાં ૧,૦૦૦ દીવડા પ્રગટાવવામાં આવ્યા હતા. ઉપરાંત નગરપાલિકા વિસ્તારમાં પણ ઉત્સાહભેર વધુ ૨,૦૦૦ દીવડા પ્રગટાવી સમગ્ર નગરમાં કાર્યક્રમની ઝાકઝમાટથી ઉજવણી કરવામાં આવી હતી.

કડોદરાના શાંતિનગરમાં કચરા-પોતા કરવા મુદ્દે સગીરાએ એસિડ પીધો

પલસાણા: પલસાણાના કડોદરાના શાંતિનગરમાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરા વસંત ભરવાડને તેની મોટી બહેન રૂપલે ઘરમાં કચરા-પોતા કરવાનું કહેતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ સામાન્ય બાબતનું માઠું લાગી આવતાં સગીરા વસંતે ઘરમાં પડેલું એસિડ પીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. હાલ તેને વધુ સારવાર માટે સુરતની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

ભરૂચમાં વીજ કર્મચારીને કરંટથી ગંભીર ઈજા

ભરૂચ: DGVCLના ભરૂચ શહેર પશ્ચિમ પેટા વિભાગમાં ફરજ બજાવતા ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ મહેશભાઈ રાઠોડ (ઉં.વ.૩૭) તા.૧૬/૭/૨૦૨૬ના રોજ ૧૧ કે.વી. લાઈનના વીજ આંચકાથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. મગજમાં રક્તસ્રાવ અને કરોડરજ્જુની ઈજાને કારણે તેઓ હાલ પેરાલિસિસગ્રસ્ત બની વડોદરાની સ્ટર્લિંગ હોસ્પિટલમાં બિછાને છે. તેમનાં વૃદ્ધ માતા પણ પેરાલિસિસથી પીડાતા હોવાથી પરિવારની પરિસ્થિતિ અત્યંત વિકટ બની છે. આ અંગે અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના સેક્રેટરી જનરલ (ટેક.) ચિરાગ શાહે ડી.જી.વી.સી.એલ.ના એમ.ડી.ને રજૂઆત કરી હતી. આ મુદ્દે સાંસદ મનસુખ વસાવાએ ઊર્જામંત્રી ઋષિકેશ પટેલને પત્ર પાઠવી, તપાસ કમિટી બનાવી હકીકતલક્ષી રિપોર્ટ મંગાવવા તથા સ્પેશિયલ કેસ તરીકે મહેશભાઈ રાઠોડને 'કેર ટેકર'ની સુવિધા અને મેડિકલ સહાય તાત્કાલિક મંજૂર કરવા રજૂઆત કરી છે.

આમોદ નજીક હાઈવે ઉપર કેમિકલ ઢોળાતાં દુર્ગંધ ફેલાઈ

રહીશો અને વાહન ચાલકો ત્રાહિમામ

ભરૂચ, આમોદ: આમોદ પાસેથી પસાર થતા નેશનલ હાઈવે નં.૬૪ ઉપર હેઝાર્ડ વેસ્ટના પરિવહન દરમિયાન દુર્ગંધ મારતું કેમિકલ રોડ ઉપર ઢોળાતાં સમગ્ર વિસ્તારના રહીશો પરેશાન બન્યા હતા.

મળતી માહિતી મુજબ દહેજ સ્થિત મેહાલી કંપનીમાંથી હેઝાર્ડ વેસ્ટ ભરીને નીકળેલી ટ્રકમાંથી આમોદ ડેપો ચાર રસ્તા થઈ સમા હોટલ સુધીના જાહેર માર્ગ પર કેમિકલ વેસ્ટ પડ્યો હોવાની ઘટના સામે આવી હતી. જેની દુર્ગંધથી લોકો હેરાન પરેશાન બન્યા હતા. ટ્રકમાંથી જોખમી વેસ્ટ જાહેર માર્ગ ઉપર ઢોળાતાં વાહનચાલકો અને રાહદારીઓની સલામતી સામે સવાલો ઊભા થયા હતા. તેમજ પર્યાવરણપ્રેમીઓમાં પણ રોષ જોવા મળ્યો હતો. ત્યારે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ સહિત સંબંધિત તંત્ર તાત્કાલિક તપાસ કરે તેવી માંગ ઊઠી હતી. હાલ તો હેઝાર્ડ વેસ્ટના કેમિકલથી જાહેર આરોગ્ય અને પર્યાવરણ સામે જોખમ ઊભું થયું હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે તંત્ર દ્વારા ટ્રક ચાલકની ગંભીર બેદરકારી સામે કાર્યવાહી કરે એ ઇચ્છનીય છે.

'ગુજરાતમિત્ર'ને ૧૬૪ વર્ષમાં પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભેચ્છા સહ...

ધી સોંસક ગૃપ કો-ઓ કોટન સેલ સોસાયટી લી.

મુ.પો ઓલપાડ જીન, સાયણ રોડ,તા. ઓલપાડ,જી.સુરત

સ્થાપના તા.૯-૫-૧૯૨૧	રજી.નંબર : ૩૩૮૪

હેડ ઓફિસ: ઓલપાડ જીન, સાયણ રોડ, ટે.નં. : ૯૯૦૬૨૯૨૮૪
બ્રાંચ ઓફિસ: જહાંગીરપુરા જીન, રાંદેર રોડ, ટે.નં ૯૯૦૬૮૭૦૩૬૫

મંજુર થયેલ શેરની રકમ :	રૂા. ૧૦,૦૦,૦૦૦.૦૦
ભરાયેલી શેરની રકમ :	રૂા. ૪,૨૫,૮૦૦.૦૦
રીઝર્વ ફંડની રકમ :	રૂા. ૧૧,૪૧,૧૪૮.૮૬
સભાસદ બચત થાપણ :	રૂા. ૨,૮૨,૩૦,૪૨૬.૦૫
બીજા ફંડો :	રૂા. ૩,૦૨,૫૨,૪૮૭.૩૧
સભાસદ કાયમ થાપણ :	રૂા. ૧૦,૦૦,૮૮૮.૦૦

મંડળીની પ્રવૃતિ : સભાસદોના માલ (ડાંગર, કપાસ, એરંડા, તુવેર) એકત્ર કરી પીલાણ પ્રેસીંગ કરાવી વ્યાજબી કમીશન લઈ સરેરાશ ભાવ આપવાનું. સભાસદોને પાકધિરાણ તેમજ અલુવાવ્રત નિમિતે સુકામેવા, ફટાકડાનું વ્યાજબી ભાવે વેચાણ થાય છે. હમારે ત્યા જીવન જરૂરીયાતની ચીજવસ્તુ જેવી કે ચોખા, ઘઉં, તુવરદાળ, જીવરાજ ચા, ગોળ, ખાંડ, કાંદા, કઠોર તેમજ મરીમસાલા, સીંગતેલ, કપાસીયા તેલ, મકાઈ તેલ, સુર્યમુખી તેલ, બાસમતી ચોખા, જુવાર વિગેરે બારેમાસ મળે છે.

વહીવટી કમિટિ સભ્યશ્રી :

શ્રી કિરીટભાઈ મગનભાઈ પટેલ(સોંસક)
શ્રી જયેશભાઈ નગીનભાઈ પટેલ (ગોલા)
શ્રી હર્ષદભાઈ અમૃતભાઈ પટેલ (ગોલા)
શ્રી અશ્વિનભાઈ મનુભાઈ પટેલ (મોરથાણ)
શ્રી અરવિંદભાઈ હિમતસિંહ રાઠોડ (રાજનગર)
શ્રી શૈલેષભાઈ ભીખુભાઈ પટેલ (ભાકૂંડી)
શ્રી રાજેશકુમાર રમેશચંદ્ર પટેલ (આંધી)
શ્રી સુખદેવભાઈ ગંગારામભાઈ પટેલ - મેનેજરશ્રી

164મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે 'ગુજરાતમિત્ર'ને શુભેચ્છા....

ધી તળાદ ગૃપ કો.ઓ. કોટન સેલ સોસાયટી લી.

જહાંગીરપુરા જીન, રાંદેર. ફોન નં-૯૬૮૭૬૩૯૧૩૯ બ્રાંચ:- ગામ:- તળાદ, તળાદ પાટીયા.

કિસાનમોલ

ગુજરાત મિત્ર ૧૬૪ ના વર્ષમાં પ્રવેશ બદલ ધી તળાદ ગૃપ કો. ઓ કોટન સેલ સો.લી તરફ થી ખુબ ખુબ અભિનંદન પાઠવીએ છીએ...

વ્યવસ્થાપક સમિતિના સભ્યો

શ્રી અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ (પ્રમુખશ્રી) અરીયાણા

૧. શ્રી મહેન્દ્રભાઈ ચંદુભાઈ પટેલ-સોંસક	૧૧. શ્રી કાંતીભાઈ ખંડુભાઈ પટેલ-સરોલી
૨. શ્રી નટવરભાઈ ઠાકોરભાઈ પટેલ-સરોલ	૧૨. શ્રી દલપતભાઈ જમુભાઈ પટેલ-કોસમ
૩. શ્રી કેતનભાઈ મણીલાલ દેસાઈ-અંભેટા	૧૩. શ્રી અર્જુનસિંહ મુળજીસિંહ ઠાકોર-બલકસ
૪. શ્રી પ્રમોદભાઈ છોટુભાઈ પટેલ-માસમા	૧૪. શ્રી પ્રવિણભાઈ ગણપતભાઈ પટેલ-સેગવાછામા
૫. શ્રી ધર્મેશભાઈ દોલતભાઈ પટેલ-ઈશનપોર	૧૫. શ્રી કમલેશભાઈ કાંતિભાઈ પટેલ-ભેંસાણ
૬. શ્રી જગદીશભાઈ સોમાભાઈ દેસાઈ-વડોદ	૧૬. શ્રી જૈનેશ ચંદુભાઈ પટેલ-કુંકણી
૭. શ્રી વિનોદભાઈ રમેશભાઈ પટેલ-તળાદ	૧૭. શ્રી મદનભાઈ જેરામભાઈ પટેલ-વરીયાવ
૮. શ્રી બીપીનભાઈ બાલુભાઈ પટેલ-જોથાણ	૧૮. શ્રી હરકીશનભાઈ ડાહ્યાભાઈ સુરતી-વડોદ
૯. શ્રી બીપીનભાઈ ઠાકોરભાઈ પટેલ-કનાજ	૧૯. શ્રી શોભનાબેન હેમંતભાઈ પટેલ-શેરડી
૧૦. શ્રી નયનભાઈ બાલુભાઈ પટેલ-શેરડી	૨૦. શ્રી જાગૃતિબેન કમલેશભાઈ પટેલ-ભેંસાણ

કર્મચારી ગણ

શ્રી ચંદ્રેશભાઈ આર પટેલ (ઈ.મેનેજરશ્રી) તથા સ્ટાફ ગણ શ્રી દિનેશભાઈ આર પટેલ(સેક્રેટરી)

પાસપોર્ટ ખોવાયો છે

પાસપોર્ટ નં: F 1431045 જે તા. ૨૯/૦૮/૨૦૨૬ ના રોજ અમારા ઘરેથી આંબોલી ચાર રસ્તા પસાર થતાં કયાંક ખોવાઈ ગયેલ છે જેમને મળે તેમણે નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી.

વિક્રાંત અશોક પાટીલ
રહેવાસી : પ્લોટ નં.૧૪, મધુરમ બંગ્લો, ઓલપાડ,જી.સુરત

Milano MULTIPLEX
બારડોલી

Vibe	10:00am, 07:00pm
Firki-Gujarati	02:00pm
Chatni-Gujarati	05:00pm
Resident Evil-2D	11:00am, 09:30pm
Mirzapur : The Movie	01:00pm, 09:00pm
Hanuman Ansh	12:00pm, 03:00pm, 06:00pm, 10:00pm

Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

164મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે 'ગુજરાતમિત્ર'ને શુભેચ્છા

Mo. 81402 42223, 70482 42223
SAGAR
SALES & FURNITURE
ELECTRONICS & HOME APPLIANCES
LG ONIDA SAMSUNG
PREMIUM FURNITURE
At & Po. Sayan, Tal. Olpad, Dist. Surat

164મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે 'ગુજરાતમિત્ર'ને શુભેચ્છા

''સુરત કી શાન કિશાનો કી પહેચાન'' ''સહકારથી સમૃદ્ધિ''

ધી પુરુષોત્તમ ફાર્મર્સ કો-ઓ. કોટન જીનીંગ એન્ડ પ્રેસીંગ સોસાયટી લી.,
જહાંગીરપુરા સહકારી મંડળીના
ફટાકડા

અમારે ત્યાં અનીલ, સ્ટાન્ડર્ડ, સોની, વિનાયગા, કોરોનેશન, વનીતા, ચુનમુન જેવી શીવાકાશીની પ્રખ્યાત કંપનીના ફટાકડા, કોઠી, રોકેટ, તારામંડળ, ચક્કરડી, પેન્સીલ-દોરી તથા ફેન્સી આઈટમો વ્યાજબી ભાવે મળશે.

ધી પુરુષોત્તમ ફાર્મર્સ કો-ઓ. કોટન જીનીંગ એન્ડ પ્રેસીંગ સોસાયટી લી.
જહાંગીરપુરા-ઓલપાડ રોડ, ઈસ્કોન સર્કલ, સુ.ડી.કો.ઓ. બેંકની ઉપર, પેટ્રોલપંપની બાજુમાં, જહાંગીરપુરા, સુરત.